* A G - 2 1 0 2 0 *

**AG-21020** Seat No. ________

# Third Year B. A. (Non CBCS) Examination

**February - 2016**

## Gujarati : Paper - XI

**(કાવ્યનો આસ્વાદ, લોકસાહિત્ય, પ્રૂફ રીડિંગ, સંધિ શુદ્ધ ભાષા શિક્ષણ)**

**(New Course)**

Time : **3** Hours] [Total Marks : **100**

**સૂચના :** (1) બધા પ્રશ્નોના ઉત્તરો લખવાના છે.

(2) બધા પ્રશ્નોના ગુણો સામે દર્શાવ્યા પ્રમાણે છે.

(3) પ્રશ્ન - 2, 3, 4માં 'અ' અને 'બ' વિભાગો છે જેના ઉત્તર લખાવા ફરજિયાત છે.

**1** નીચેના કાવ્યનો આસ્વાદ કરાવો : **10**

**એક ઈચ્છા**

પડયા જખમ સૌ સહ્યા, સહીશ હું હજુયે બહુ,
ગણ્યા નવ કદી, ગણું નવ કદી, પડે છો હજુ;
અપાર પડશે અને જીગર હાય ! આળું થયું,
કઠિન ન બનો છતાં હૃદય એ જ ઈચ્છું, પ્રભુ ! (૧)

પડી વીજળી તે પડી સુખથી છો, બળું છું સુખે.
અનન્ત ભભુકા દહે, દહો, ગળું છું સુખે;
ન દાહ વશમો કદી, જિગર બૂમ ના પાડતું,
કઠિન બનજો નહીં હૃદય એ જ ઈચ્છું, પ્રભુ ! (૨)

બહુય રસ છે મને હૃદય છે હજુ તો, અહો !
અરે ! હૃદય જો ગયું રસ ગયો પછી તો બધો;
ભલે મૃદુ રહી સહી જખમ છેક ચૂરો થતું,
કઠિન ન બનો કદી હૃદય એ જ ઈચ્છું, પ્રભુ ! (૩)

-કવિ **'કલાપી'**

**અથવા**

**સાગર અને રાશી**

આ જ મહારાજ ! જલ પર ઉદય જોઈને
ચંદ્રનો, હૃદયમાં હર્ષ જામે,
સ્નેહઘન કુસુમવન વિમલ પરિમલ ગહન
નિજ ગગન માંહિ ઉત્કર્ષ પામે,
પિતા ! કાલના સર્વ સંતાપ શામે !
નવલ રસ ધવલ તવ નેત્ર સામે !
પિતા ! કાલના સર્વ સંતાપ શામે !

જલધિજલદલ ઉપર દામિની દમકતી,
યામિની વ્યોમસર માહિ સરતી;
કામિની કોકિલા કેલિ કૂજન કરે
સાગરે ભાસતી ભવ્ય ભરતી.

પિતા ! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી !
તરલ તરણી સમી સરલ તરતી !
પિતા ! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી !

-કવિ **'કાન્ત'**

2 (અ) લોકસાહિત્યની વ્યાખ્યા આપી તેના વિસ્તાર અને સ્વરૂપને સ્પષ્ટ કરો. 15

**અથવા**

(અ) લોકસાહિત્ય અને અભિજાત્ય સાહિત્ય વચ્ચેનો તફાવત સમજાવો. 15

(બ) નીચેનામાંથી કોઈ પણ એક વિશે વિસ્તૃત નોંધ લખો : 15

(1) લોકગીત

(2) લોકવારતા.

3 (અ) પ્રૂફ રીડિંગ એટલે શું ? તેના ઉપયોગો જણાવો. 15

**અથવા**

(અ) પ્રૂફવાચનની પ્રાથમિક શરતો વિશે સવિસ્તર માહિતી આપો. 15

(બ) નીચેના પેરેગ્રાફને પ્રૂફ સુધારીને ફરીથી લખો : 15

કવીતા પણ કલાનો એક પ્રકાર છે. એનું
સર્જન પણ આનંદ અર્થે થતુ હોવાથિ તે
પણ કલામાત્રની જેમ એક આસ્વાધ પદાર્થ
છે. નિવડેલો સહૃદય કાવ્યને આસવાદે છે
ત્યારે તેની પરીસ્કૃત રૂચી અનૂસાર એનિ
સંવિત્તીમાં એ કાવ્યના ઘટકો જે પ્રતિભાવો
જન્માવે તે આનંદપુર્ણ યા કલેસપુર્ણ યા
આનંદકલેશના મીશ્રણરુપ પણ હોઈ શકે.
આ પ્રતીભાવોનિ યોગ્યાયોગ્યતાનિ ચકાસણિ
તર્કપુરઃસર થઈ શકે. અને એમાંથિ તર્કસંગત
અભિપ્રાયો બાંધિ શકાય. આ અભિપ્રાયોનિ
બુદ્ધીગમ્ય, તર્કપૂરઃસર, પ્રામાણીક, વ્યવસ્થીત
રજુઆતમાં વીવેચના આકાર પામે.

4 તમારી કોલેજમાં યોજાઈ ગયેલ વાર્ષિક ઉત્સવનો અખબારી અહેવાલ તૈયાર કરો. **10**

**અથવા**

4 તમારી કોલેજમાં યોજાઈ ગયેલ પ્રજાસત્તાક પર્વની ઉજવણીનો અખબારી અહેવાલ તૈયાર કરો. **10**

5 (અ) સંધિ છોડો : (ગમે તે પાંચ) **5**

પરિવર્તન, પ્રેમાનંદ, ગોળાકાર, નિરાધાર,

અધ્યયન, પરીક્ષા, પ્રતિષ્ઠા, ગાયન.

(બ) સંધિ જોડો : (ગમે તે પાંચ) **5**

વિદ્યા + અભ્યાસ, નવ + ઊઢા, બ્રહ્મ + ઋષિ,

વન + ઔષધિ, સુ + આગત, રમ્ + અનીય,

સહ + અનુભૂતિ, પરિ + આવરણ

(ક) નીચેનો પરિચ્છેદ ભૂલ સુધારી ફરીથી લખો : **10**

ફિલોસોફિ સનાતન જગતના પારમાર્થીક તત્ત્વનૂ જ્ઞાન ઊપજાવનાર છે, પણ કલા જગતના નસ્વર, અધ્રૂવ, અવાસ્તવીક આભાશમાં વીહરનારિ છે અને તેથિ અવાસ્તવીકતામાંથિ સાસ્વત સત્ય તરફ લઈ જનારિ નથી એવો પ્લેટો અભીપ્રાય હતો. કવીતા જે કલ્પનાસૃષ્ટી સર્જે છે તે એને વાસ્તવીકતાથિ દુર રહેલિ આભાસસૃષ્ટી ભાસતિ હતી. પ્લેટોના આ અભિપ્રાયમાં તત્ત્વતઃ ફલીત એ થાય છે કે તત્ત્વજ્ઞાનનિ તથા કવીતાની વિષય નીરૂપણનિ રિતમાં ફરક છે : તત્ત્વજ્ઞાન યથાવકાસ બુદ્ધીથી તત્ત્વના અન્વેસણમાં પ્રવૃત્ત થાય છે. અને કવીતા કલ્પનાથી નવૂં જગત સર્જે છે, તત્ત્વજ્ઞાન બુદ્ધિનીષ્ઠ છે અને કવિતા હ્રદયનીષ્ઠ છે તત્ત્વજ્ઞાન જગતનૂ યથાસ્થીત દરસન કરીને તત્ત્વાન્વેસણ કરે છે અને કવિતા એનું પ્રતિકાત્મક નવશર્જન કરે છે.

---